યુવાચેતના સંસ્થા સંચાલિત દિવ્યાંગ છાત્રાલય અને સ્વરોજગારી તાલીમ કેન્દ્ર સંસ્થા' બંધ કરવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-SJED/AWR/e-file/17/2022/0004/CHH-1,
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૬/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮.૧૦.૨૦૦૬નો ઠરાવ નં.અપગ/૧૦૨૦૦૪-૭૦૩-છ.૧.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીનો તા.૩૦/૦૪/૨૦૨૨નો પત્ર ન.સસુખા/અપગ/૨૦૨૨-૨૩/૫૩૫૦.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક(૧) ઉપરના વિભાગના તા.૧૮.૧૦.૨૦૦૬ના ઠરાવથી યુવા ચેતના સંસ્થા હિંમતનગરને દિવ્યાંગ છાત્રાલય તથા સ્વરોજગારી તાલીમ કેન્દ્ર શરૂ કરવાની માન્યતા આપવામાં આવેલ છે. આ માન્યતા, આ અંગેના સરકારના સ્થાયી ધારાધોરણો તથા સહાયક અનુદાન નિયમ સંગ્રહની જોગવાઈઓને આધીન આપવામાં આવેલ હતી.

નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીના ધ્યાને આવેલ છે કે, સંસ્થા બંધ હાલતમાં છે તેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,હિંમતનગર પાસેથી તે અંગેનો અહેવાલ મંગાવતા તેઓ જણાવેલ કે સંસ્થાની સમગ્ર કામગીરી ખુબજ નબળી છે તેમજ જે હેતુ માટે સંસ્થાને માન્યતા આપવામાં આવેલ હતી તે હેતુ પરિપુર્ણ થતો ન હોવાનું પ્રથમ દ્રષ્ટિએ જણાવેલ અને સંસ્થાને ગ્રાન્ટ ઇન એઇડ તરીકે માન્યતા ન આપી શકાય તેમ જણાવેલ છે.વર્ષ ૨૦૨૦-૨૧ થી એકપણ અંતેવાસી સંસ્થા ખાતે પ્રવેશ પામેલ નથી. સંસ્થામાં એકપણ જગ્યા ભરાયેલ નથી, જેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીના અહેવાલના આધારે તેમજ

સંસ્થામાં અંતેવાસીઓની સંખ્યા ન હોઇ સંસ્થા બંધ કરવી યોગ્ય જણાતી હોય યુવા ચેતના સંસ્થા, હિંમતનગરને દિવ્યાંગ છાત્રાલય તથા સ્વરોજગારી તાલીમ કેન્દ્ર બંધ કરવા નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક(૨) ઉપરના તા.૩૦/૦૪/૨૦૨૨ના પત્રથી દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે યુવા ચેતના સંસ્થા, હિંમતનગર સંચાલિત દિવ્યાંગ છાત્રાલય તથા સ્વરોજગારી તાલીમ કેન્દ્ર બંધ કરવા મંજૂરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગતમદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી(સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂં.
- શાખા સિલેક્ટ ફાઇલ.